ગિયોડ અંબાજી મંદિર બંધ રહેતાં બહારથી દર્શન કરતા ભાવિકો

સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ભાદરવી પૂનમના દિવસે શ્રદ્ધાળુ યાત્રીઓ અને ભાવિકભક્તો દ્વારા અંબાજીમાં દર્શન કરવા જતા હોય છે. ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે રોડ પાસે પૂનમે પ્રાંતિજ, દહેગામ અને ચિલોડા-ચંદ્રાલા, નરોડા આ દિવસે દૂર દૂરથી ગિયોડ સ્થિત મીની અંબાજી મંદિરે માતાજીને ધજા ચડાવવાની સાથે પૂજા અર્ચના દ્વારા શ્રદ્ધા વ્યક્ત કરે છે. આ વર્ષે હાલમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે ત્યારે સરકારની ગાઈડલાઈનનું પાલન કરીને જિલ્લાના ગિયોડ મંદિરે ભાવિકભક્તો અને પદયાત્રીઓ માટે મંદિર પરિસર બંધ રાખવાના નિર્ણય ટ્રસ્ટ દ્વારા લેવામાં આવ્યો હતો. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ૨૦મી સપ્ટેમ્બરના રોજ નિજ મંદિર બંધ રાખવામાં આવતાં ભાવિક ભક્તજનોએ પરિસર બહારથી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આમ છતાં માતાજીના મંદિરે દર્શન કરવા નરોડાથી ગિયોડ સુધી ગાઈડલાઈન પ્રમાણે મોડી રાત્રે દર્શનાર્થીઓ પૂનમ ભરવા-માનતાઓ પૂરી કરવા આવી પહોંચી મનોકામના વ્યક્ત કરી હતી.

૨૦ વર્ષથી બોલાવતા નથી

...તો અમારા ઘરે કેમ આવી કહી બહેન અને ભાણેજને મામાઓએ ગડદા-પાટુનો માર માર્યો

ગાંધીનગ, તા.૨૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર તરપોજ વાસ ખાતે રહેતા પોતાના બિમાર પિતાની ખબર અંતર પુછવા માટે ગયેલી દિકરીને તેના ભાઈઓએ કહ્યું કે ૨૦ વર્ષથી તારી સાથે સંબંધ તોડી નાંખ્યો છે, તો તુ શા માટે અમારા ઘરે આવી છુ. તેમ કહીને બહેન તેમજ તેના ભાણીયાઓને ગડદા-પાટુ સહિત લોખંડની પાઈપ તેમજ સળીયા વડે માર મારતા ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારબાદ પેથાપુર પોલીસ મથકે કિરણબેન દંતાણીએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કિરણબેન કેતનભાઈ દંતાણી જીઈબી ગેટ પાસે કાચા છાપરામાં રહે છે અને પેથાપુર ખાતે શાકભાજીની લારી ચલાવી પરિવાનું ગુજરાન ચલાવે છે. કિરણબેનને સંતાનમાં ચાર દિકરા અને એક દિકરી છે. જયારે ગતરોજ સાંજના સુમારે કિરણબેન તેમજ તેમના ત્રણ દિકરા સાથે તેણીના પિતાની તબિયત સારી ન હોવાથી ખબર અંતર પુછવા માટે ગયા હતા. તે સમયે બાજુમાં રહેતા ફરીયાદીના ભાઈ દશરથભાઈ વેચાતભાઈ દંતાણી આવ્યા હતા અને કહ્યું હતું કે તને અમો ૨૦ વર્ષથી તારી સાથે સંબંધ તોડી નાંખેલ છે. તો તુ શા માટે અમારા ઘરે આવી છો. તે સમયે ફરીયાદીના દિકરાએ નાનાની ખબર કાંઢવા માટે આવ્યા છીએ. તેમ કહેતા દશરથભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરીયાદી તેમજ તેમના દિકરાઓ પર દશરથભાઈ, સનિલભાઈ, મુન્નીબેન, બળદેવભાઈ, મહેન્દ્રભાઈ અને જશવંતભાઈ સહિતના સભ્યો ગડદા-પાટુ અને લોખંડ તેમજ સળીયા વડે તુટી પડ્યા હતા અને માર માર્યો હતો. ઝઘડો થતા આસપાસના નાગરીકો એકઠા થઈ જતા વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્રણ જણાને ઈજા પહોચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.જયારે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રેતી-કાંકરીની ગ્રાન્ટ કામો સૂચવવા અને મંજૂર કરવાનો ઠરાવ વિકાસ કમિશનરે પ્રતિષેધ કર્યો

વિકાસ કમિશનરે સુઓમોટો કરી આ ઠરાવ પ્રતિષેધ કરતાં પંચાયતમાં સન્નાટો : ૨૮મીએ સુનાવણી થશે

ગાંધીનગર, તા. ૨૦

રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસ કામો સૂચવવા અને મંજૂર કરવાની સત્તા જિલ્લા પંચાયતના પ્રમુખને સોંપવાના સામાન્ય સભાના નિર્ણયને વિકાસ કમિશનરે સુઓમોટો કરી પ્રતિષેધ કરતાં પંચાયત વર્તુળમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

૯-૬-૨૦૨૧ની મળેલી ખાસ સામાન્ય સભામાં આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ સામાન્ય સભાની કાર્યવાહી નોંધ પણ તાજેતરમાં જિલ્લા પંચાયત દ્વારા મંજૂરી માટે વિકાસ કમિશનરને મોકલવામાં આવી હતી. આ કાર્યવાહી નોંધના અભ્યાસ પછી વિકાસ કમિશનરે આ બાબતને સુઓમોટો કરી અને તેને પ્રતિષેધ કરી છે.

રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસ કામો સૂચવવામાં સભ્યોએ વિલંબ કર્યો હતો અને હજુ સુધી વહીવટી મંજૂરી પણ તંત્ર દ્વારા આપવામાં આવી નથી. આજે વિકાસ કમિશનરશ્રીની કચેરીએ આ અંગેના આદેશ આપ્યા બાદ ૨૮મી સપ્ટેમ્બરના રોજ આ અંગેની સુનાવણી પણ રાખી છે.

૨૩મીએ સામાન્ય સભા મળવાની છે તે અગાઉ પંચાયતની સામાન્ય સભાનો આ ઠરાવ પ્રતિષેધ થતાં પંચાયત વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ભારતીય જનતા પક્ષે જિલ્લા પંચાયતમાં સત્તા હાંસલ કરી છે પણ હજુ સુધી વિકાસના એક પણ કામને વહીવટીય મંજૂરી મળી નથી એટલે આમેય આ મુદ્દો આ સામાન્ય સભામાં ઉગ્ર રીતે રજુ પણ થવાનો હતો પરંતુ હવે આ ઠરાવ પ્રતિષેધ થયો હોવાથી તે અંગેની ચર્ચાઓ પણ થશે નહિ.

વિકાસનો મુદ્દો એ ભાજપનો ચૂંટણી મુદ્દો હતો પરંતુ સત્તાની ઉતાવળમાં આ ભૂલ થઈ ગઈ હોવાનુ મનાઈ રહ્યુ છે. પંચાયત અધિનિયમના જાણકારોના મતે આ સત્તા પ્રમુખ પાસે નહિ પણ સામાન્ય સભાને હોય છે આવડી મોટી ભૂલ એ ગંભીર લેખી શકાય.

અગાઉ દહેગામ તા.પં.માં પણ આવો જ એક ઠરાવ કરાયો હતો અને તેને તા.વિ. અધિકારીએ પ્રતિષેધ કરતાં અપીલમાં જિલ્લા વિકાસ અધિકારીએ પ્રતિષેધના નિર્ણયને બહાલ રાખ્યો હતો. હવે જિલ્લા પંચાયતના ઠરાવને વિકાસ કમિશનરે સુઓમોટો કરી અને પ્રતિષેધ કર્યો છે. જિલ્લામાં છેલ્લા ૬ મહિનાથી સત્તા સંભાળ્યા પછી પણ વિકાસ કામો હાથ નહિ ધરાયા હોવાથી જિલ્લામાં વિકાસ કામો સાવ થંભી ગયા છે. ચોમાસાને કારણે પણ કામો હાલ બંધ છે.

ગાંધીનગર નજીક આવેલા શાહપુર ગામમાં છેલ્લા પાંચ વર્ષથી બસ આવતી નથી. વસાહતીઓને બસની સુવિધા ન મળતા તેઓને ખાનગી વાહનોમાં મોંઘી મુસાફરી કરવી પડે છે. બસ સ્ટેન્ડમાં પણ ગાબડાં પડી ગયા છે. જો બસની સુવિધા જલ્દી શરૂ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે. ચૂંટણીઓના બહીષ્કારની ચીમકી પણ ગ્રામજનોએ ઉચ્ચારી છે.

વાવોલ અને વાસણા હડમતિયામાં નવા ૨૬૦૦ એલ આઈ જી આવાસો બનશે

ગુડા દ્વારા હાલ પેથાપુર, વાવોલ અને સરગાસણમાં ૭૨૮ મકાનો બાંધવામાં આવી રહ્યા છે : જયારે પ્રથમ તબક્કામાં પણ ૧૧૨૦ આવાસો તૈયાર કરાયા હતા

ગાંધીનગર તા ૨૦

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હવે ઝડપથી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જેમાં માર્ગ સુધારણાની કામગીરી પણ આગામી દિવસોમાં તબક્કવાર હાથ ધરાશે આ ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારો માટે નવા આવાસો બાંધવા માટે પણ એક બાદ એક તબક્કામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ ૭૨૮ જેટલા એલ આઇ જી આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં વાવોલ અને વાસણા હડમતિયા ટી પી વિસ્તારમાં નવા ૨૬૦૦ જેટલા એલ આઇ જી આવાસોનુ નિર્માણ કરાશે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારના અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. વિકાસના અનેક વિધ આયામો સાથે માળખાગત સુવિધાઓ પણ મજબુત કરવામાં આવી રહી છે. જયારે ગુડા વિસ્તારના ગામો કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરાયા બાદ વિકાસ કામો વધુ તેજ ગતિએ હાથ ધરાય તે મુજબનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા વિસ્તારમાં અગાઉ ૨૧૦૦ જેટલા નવા આવાસો બાંધવા માટે જાહેરાત કરવામાં આવી હતી. ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે પેથાપુર, વાવોલ અને સરગાસણમાં એલ આઇ જી મકાનો બાંધવા સ્થળ પસંદગી કરી દેવાયા બાદ હાલ આ જગ્યાએ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં હજુ પણ ગુડા વિસ્તારમાં નવા મકાનો બાંધવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે ગુડાના વાવોલ તેમજ વાસણા હડમતિયા નવા ટી પી વિસ્તારમાં આવાસો બાંધવા માટે સ્થળ પસંદગી કરી દેવામાં આવી છે. આ બન્ને ઠેકાણે અંદાજિત ૨૬૦૦ જેટલા આવાસો બાંધવામાં આવશે જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરાશે. ગુડાએ પ્રથમ તબકકામાં રાયસણ ,ચિલોડા અને અડાલજ વિસ્તારમાં આવાસોનુ કામ હાથ ધર્યુ હતુ જયારે આ વિસ્તારમાં અંદાજિત ૧૧૬૦ જેટલા મકાનો બાંધવામાં આવ્યા હતા આ ઠેકાણે હાલ પરિવારજનોનો વસવાટ છે. જયારે હાલ ૨૧૦૦ આવાસો બાંધવાના આયોજન અન્વયે પણ ૭૨૮નુ બાંધકામ હાથ ધરવામાં આવ્યુ છે. ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. જેના લીધે આવાસ ઈચ્છુક બાકી રહેતા લાભાર્થીઓનો પણ સમાવેશ થઈ જાય તે મુજબ નવા આવાસો બાંધવામાં આવશે. બીજીતરફ ગુડા વિસ્તારમાં નવા આવાસોના નિર્માણની સાથે જાળવણીની કામગીરી સામે પણ અનેકવાર સવાલો મંડરાય છે ત્યારે નવા આવાસોમાં જાળવણીના મામલે યોગ્ય આયોજન થાય તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

દહેગામના કડાદરા ગામની જમીનનો ગણોતધારા અંગે જાહેરનામુ

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા અધિનિયમ-૧૯૪૮ મુજબ ગણોતધારાની કલમ-૩૨-ગ ની તપાસમાં જે ગણોતીયા જમીન ખરીદ કરવાની ના પાડે કે હાજર ન રહે તેવા સંજોગોમાં જમીનની ખરીદી બિનઅમલી જાહેર કરી જમીનનો કબજો સરકાર પક્ષે લઈ જમીનનો ગણોતધારાની કલમ-૩૨-પી હેઠળ કાયમી ધોરણે નિકાલ કરવાના થાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા ગામની ગણોતધારાની કલમ-૩૨-પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગેનું જાહેરનામું દહેગામ તાલુકાના મામલતદાર અને કૃષિ પંચ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ જમીનની કિંમત જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય દ્વારા નક્કી કરવામાં આવી છે.

જિલ્લાના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે શહેર અને ગ્રામ્ય વિસ્તારની નવરાત્રિ ચિત્ર સ્પર્ધા યોજાશે

નવરાત્રિ (દશેરા) ચિત્ર સ્પર્ધાની રાજયકક્ષાની સ્પર્ધા ૨૮મી ઓકટોબરના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી, ગાંધીનગર દ્વારા "નવરાત્રિ (દશેરા)" વિષય પર ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ એ ફોર સાઈઝના (૮.૩"★૧૧.૭") ડ્રોઈંગ પેપર પર પોતની કૃતિ પોતાના ઘરે તૈયાર કરવાની રહેશે. તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા.૧૮-૧૦-૨૦૨૧ સુધી બપોરે ૧૨ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો)ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૮ થી ૧૩ (જન્મ તારીખ માટે કટઓફ ડેટ તા.૩૧-૧૨-૨૦૨૧ સુધીના) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી કરવામાં આવશે.

ત્યાર બાદ રાજયકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે. રાજયક્ષાની ચિત્ર સ્પર્ધા તા.૨૮-૧૦-૨૦૨૧ના રોજ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર, રાવલ કલાભવન, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમાં સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે.

જિલ્લાકક્ષા સ્પર્ધામાં કોઈ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા.૧૮-૧૦-૨૦૨૧ સુધી બપોરે ૧૨ કલાક સુધીમાં જિલ્લા રમત-ગમત કચેરી, સહયોગ સંકુલ, "સી" વિંગ્સ, છઠ્ઠો માળ, પથિકશ્રામ પાસે, ગાંધીનગર ખાતે પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોક એડ્રેસ Youthofficergandhinagar.wordpress.Com પરથી અને કચેરી પરથી મેળવી શકાશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

સાયન્સ સિટી ખાતે વર્લ્ડ ઓઝોન ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

સાયન્સ સિટી ખાતે તા.૧૬ સપટેમ્બર વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીના ભાગ રૂપે

યોજાયેલ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રૂબરૂ ભાગ લેવા નોંધણી કરવી હતી, જયારે ૧હજારથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાયન્સ કોમ્યુનિકટર્સ વર્ચ્યુયલ ઈવેંન્ટમાં જોડાયાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેંટ ગુજકોસ્ટના સહયોગથી રાજયભરમાં બાળકો અને નાગરિકો માટે ક્લાઈમેટ ચેન્જ આઉટરીચ પ્રોગ્રામ હાથ ધરાશે.

આ કાર્યક્રમ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે યોજાયો હતો. આ ઉજવણી વિખ્યાત વિજ્ઞાનીઓના માહિતીસભર વૈજ્ઞાનિક સેશન્સ, ક્વિઝ, ગેમ અને ઓઝોન લેયર અને તેની જાળવણીની પ્રેક્ટિસ પરની ફિલ્મ નિદર્શન દ્વારા કરાઈ હતી. સ્પેસ એન્ડ એટમોસ્ફિરિક સાયન્સ ડિવિઝન, પીઆરએલના ડો. લોકેશ સાહુએ પૃથ્વીના વાતાવરણમાં ઓઝોનના ભૂતકાળ વર્તમાન અને ભવિષ્યની સ્થિતિ વિષે જણાવ્યુ. તેમણે ખૂબ સુંદર રીતે ઓઝોન તેની કેમેસ્ટ્રી અને તેમાં કેવી રીતે છિદ્ર થાય છે તે વિષે જણાવ્યું હતું. એમ.એન. શુક્લા બીએડ કોલેજ ના પ્રિન્સિપાલ ડો. સંજય ઠાકરે ઓઝોનના છિદ્રોને ભરવા અને કલાઈમેટ ચેન્જની અસર ઘટાડવા માટે નાગરિક તરીકે કેવો અભિગમ રાખવો એ વિષે ચર્ચા કરી ખૂબ જ સરળ ભાષા માં ઓઝોન કેવો વિનાશ સર્જી શકે અને કેમ ઓઝોન છિદ્ર વિષે જાગૃતિ ખૂબ જરૂરી છે તે જણાવ્યુ હતું. ડો. મેહુલ પંડ્યા , સાયંટિસ્ટ , સાક-ઈસરોએ સરળતાથી સમજાય તેવી ભાષામાં સેટેલાઈટ કેવી રીતે લોન્ચ થાય છે અને વાતાવરણ ની અત્યંત ગરમીથી કેવી રીતે બચે છે, સૂક્ષ્મ ગુરુત્વાકર્ષણ નો

સિદ્ધાંત , અને સેટેલાઈટ પોતાની ધરી પર કેવી રીતે ફરે છે તે જણાવ્યુ હતું.

આ કાર્યક્રમ આગળ વધતાં વિદ્યાર્થીઓ દ્વારા ઓઝોનનું રક્ષણ કેવી રીતે કરવું તે અંતર્ગત સ્કિટ (નાટક) ભજવાયું હતું. સ્કિટમાં ઓઝોન છિદ્ર, ઝહ્લઝ અને તેના મહત્વ વિષે ખૂબ જ અદભૂત રજૂઆત કરાઈ હાતી. આ પ્રસંગે ગુજકોસ્ટ દ્વારા કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેંટ ઓફ ગુજરાતના સહયોગથી રાજયમાં બાળકો અને નાગરિકો માટે ખાસ કલાઈમેટ ચેન્જ આઉટરીચ એક્ટિવિટીઝ પ્રોગ્રામની રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યમાં ગુજકોસ્ટ દ્વારા દરેક જીલ્લાના કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે પણ વિશ્વ ઓઝોન ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

કોરોના રસીના ૪ કરોડ પ્રથમ ડોઝ અપાઈ ગયા કુલ ૫.૬૮ કરોડ ડોઝ ગુજરાતમાં અપાયા

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર રાજ્યમાં રસીકરણ પાત્રતા ધરાવતા ૧૮ વર્ષથી ઉપરની વયના ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લાભાર્થીઓમાંથી તમામ વયજૂથના ૪ કરોડ ૩૯ હજાર લાભાર્થીઓને કોરોના વેક્સિનેશનના પ્રથમ ડોઝથી તા. ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૧ બપોર સુધીમાં રક્ષિત કરવામાં આવ્યા છે.

અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે ગુજરાતમાં પ્રથમ ડોઝ મેળવનારાઓની ટકાવારી ૮૧.૧ ટકા જેટલી થઈ ગઈ છે. ૧ કરોડ ૬૮ લાખ ૫૦ હજાર ૩૫૨ લાભાર્થીઓને વેક્સિનનો બીજો ડોઝ પણ આપી દેવામાં આવ્યો છે.

સમગ્રતયા રાજ્યમાં ૫.૬૮ કરોડથી વધુ વેક્સિન ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતે દર એક હજારની વસ્તીએ ૮૯૦ રસીના ડોઝ આપીને દેશમાં મોટા રાજ્યોમાં વેક્સિનેશન અન્વયે અગ્રેસરતા દાખવી છે.

૩૦ કરોડ ખર્ચાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માળખાગત સુવિધાઓ યોગ્ય કરવા માટે આયોજન કરાયુ છે. ગુડાના આ ગામો તેમજ વિકસિત ટી પી વિસ્તારમાં પાટનગર જેવા રસ્તાઓનુ નિર્માણ કરાશે. જેમાં રાયસણ, સરગાસણ, કોબા, રાંદેસણ, કુડાસણ,વાવોલ, પેથાપુર , કોલવડા અને ચિલોડા વિસ્તારનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં અંદાજિત રૂ ૩૦ કરોડના ખર્ચે માર્ગોના નિર્માણનુ કામ હાથ ધરાશે. ગુડા વિસ્તારમાં પણ પાટનગરની જેમ ચકાચક રોડ નેટવર્ક ઉભુ કરવા માટેની કામગીરી તેજ બનશે.

રાજીનામું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધ્યક્ષ તરીકે તેમણે રાજ્ય મંત્રીમંડળની શપથવિધિમાં પણ હાજરી આપી હતી. આજે બપોરે તેમણે તેમના હસ્તાક્ષરમાં જ કાર્યકારી અધ્યક્ષ તરીકે હોદ્દા પરથી રાજીનામુ આપ્યું છે.

હવે વિધાનસભા સચિવાલય દ્વારા સત્રારંભે પ્રથમ અધ્યક્ષની ચૂંટણી હાથ ધરવામાં આવશે તેમ જાણકાર સૂત્રોએ જણાવ્યુ છે. ૨૬મીએ બપોર સુધીમાં આ અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવશે અને ૨૭મીએ પ્રથમ અધ્યક્ષની ચૂંટણી થશે.

તાવના દર્દીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકામાં ડેન્ગ્યુના કેસો ૭૦ થી વધુ નોંધાયા છે. જો કે ચિકનગુનિયાના પણ છુટા છવાયા કેસો મળ્યા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. મેલેરિયાના કેસો પણ અગાઉની તુલનામાં ઓછા નોંધાયા હોવાનું આ સૂત્રોએ કહ્યુ છે. જિલ્લામાં આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે તેમ પણ કહ્યુ છે.

જ્વાળામુખી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્પેનના લા પાલ્મા કેનરી દ્વીપ પર જ્વાળામુખી ફાટ્યા પછી પાંચથી ૧૦ હજાર લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર વિસ્ફોટને ધ્યાનમાં રાખીને હાલ લોકોને સુરક્ષિત સ્થાન પર પહોંચાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રિએક્ટર સ્કેલ પર લગભગ ચાર પોઈન્ટનો ભૂકંપ આવ્યા પછી આ વિસ્ફોટ થયો છે. ટીવી દ્વારા બતાવવામાં આવેલા દ્રશ્યોમાં જવાળામુખીમાંથી લાવા નીકળતી જોવા મળી. જોકે ઘટનાના પગલે હાલ કોઈ પણ પ્રકારની જાનહાનિના સમાચાર નથી. રવિવારે સાંજે અધિકારીઓએ ઈમરજન્સી યોજના મુજબ એલ પાસો, તાજાકોર્ટ અને લાસ લાનોસ ડી અરિડેનમાંથી અનુમાનિત પાંચ હજાર લોકોને કાઢવાનું શરૂ કર્યું છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(ગુજરાત સરકારનું સાહસ)
જાહેર નિવિદા નં: ૦૪ સને ૨૦૨૧-૨૨ (બીજી વારનુ)

કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ,મોડાસા,શંકર નિવાસ,કચ્છ કડવા પાટીદાર પટેલ સમાજવાડી સામે,શામળાજી રોડ, મોડાસા-જી.અરવલ્લી-પીન કોડ-નં.૩૮૩૩૧૫ મો.નં-૯૯૭૮૪૦૬૫૭૩ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી કામોના માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ નિયત લાયકાત ધરાવતાં ઠેકેદારો અને ગુ.પા.પુ. અને ગ.વ્યબોર્ડ -સાથે રજીસ્ટર થયેલ હઈ્રીલીગ રજીસ્ટેશન) તેમજ "ડી" અને ઉપરના નોંધાયેલ ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટસ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓન લાઈન અપલોડ કરવાની છેલ્લી તા.૩૦/૦૯/૨૦૨૧.ને ૧૮.૦૦ કલાકે સુધી છે. હાર્ડ કોપીમાં દસ્તાવેજ કચેરીમાં પોસ્ટ/રજી.પો.એડી/સ્પીડ પોસ્ટ/કુરીયર/ રૂબરૂમાં પુરા પાડવાની છેલ્લી તા.૦૧/૧૦/૨૦૨૧ને ૧૫.૦૦ કલાક સુધી છે ઉપરોકત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈ પણ સુધારા વધારા સબંધિત વેબ સાઈટ ઉપર પ્રદર્શીત કરવામાં આવશે. ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરીયાદો માટે ટોલ ફ્રી નં-૧૯૧૬ છે

અનુ	કામનુ નામ	(૧) અંદાજીત રકમ (૨) બાના ની રકમ (૩) ટેન્ડર ફી (૪) આઈ.ડી.નં
૧	બાયડ અને ધનસુરા તાલુકાઓના જુદા જુદા ગામોમાં ડી.આર બોર શારવાના કામો બાબત.	(૧) રૂ. ૬,૭૭,૭૮૫.૫૦ (૨) રૂ. ૬૭૮૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪) આઈ.ડી.નં.૪૮૨૨૭૩
૨	મોડાસા, માલપુર બાયડ અને ધનસુરા તાલુકાઓના જુદા જુદા ગામોમાં. મીની ડી.આર બોર શારવાના કામો બાબત.	(૧) રૂ. ૫,૦૮,૭૧૪.૦૦ (૨) રૂ. ૫૦૮૮.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ (૪)આઈ.ડી.નં.૪૮૨૨૮૮

નામાનિ/હિંમત/૩૨૭/૨૦૨૧